# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# CM MAHISAGAR

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહીસાગરના બાલાસિનોર ખાતેથી 44.05 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત 31 સિટી સિવિક સેન્ટરનું રાજ્યવ્યાપી ઈ-લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સિવિક સેન્ટરનું નિરીક્ષણ કરી લાભાર્થીઓને દાખલા અને પ્રમાણપત્રનું વિતરણ કર્યું હતું.

નાગરિકોના વિવિધ પ્રશ્નોના નિવારણ માટે ઓછામાં ઓછો સમયગાળો રહે અને નગરપાલિકા વિષયક ઑનલાઈન સુવિધા સરળતાથી મળે તે માટે “વન સ્ટૉપ શૉપ” તરીકે આ સિટી સિવિક સેન્ટર કાર્યરત્ કરાયા છે.

આ સિટી સિવિક સેન્ટર્સમાં મિલકત વેરા, હૉલ બૂકિંગ, વેરા આકારણી અરજી, લગ્નનોંધણી, વ્યવસાય વેરાની નોંધણી, જન્મ-મરણના દાખલા, ગુમાસ્તાધારા પરવાના અને અન્ય ફરિયાદની અરજીને લગતી કામગીરી કરવામાં આવે છે.

દરમિયાન શ્રી પટેલે બાલાસિનોર ખાતે વિવિધ તળાવ, મહી નદીના પાણીથી ભરવા અંગેની ઉદ્વવ સિંચાઈ યોજનાની પણ મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું.

------------------

# CM GRANTS FIRE EQUIPMENT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની 54 નગરપાલિકામાં 71 અગ્નિશમન સાધનો અને વાહનોની ખરીદી માટે 63 કરોડ રૂપિયાના અનુદાનને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આગામી સમયમાં ગુજરાત શહેરી વિકાસ કંપની - GUDC. દ્વારા નગરપાલિકાઓમાં 18 મિની ફાયર ટેન્ડર, 21 વૉટર બાઉસર, 29 વૉટર કમ ફૉમ ટેન્ડર અને 2 ઇલેકટ્રિક રેસ્ક્યૂ બોટ મળી 71 વાહન ખરીદી કરી છે.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ સંદર્ભે પ્રજાકીય પ્રતિનિધિઓ અને સ્થાનિક અગ્રણીઓએ કરેલી રજૂઆતોને ધ્યાનમાં લઈ આ રકમ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મંજૂર કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ નગરપાલિકાઓને ફાળવનારા અગ્નિશમન વાહનોમાં G.P.S. ટ્રેકિંગ સિસ્ટમના ઉપયોગ તથા તેના ડેટાને CM ડેશબૉર્ડ સાથે લિન્ક કરવાના દિશા-નિર્દેશ પણ આપ્યા છે.

----------------

## ZOO – SAFARI PARK

રાજ્યમાં પ્રવાસન ઉદ્યોગને વધુ વેગ મળે તે માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટીએ સફારી પાર્કને મંજૂરી આપી છે..કચ્છના કોટેશ્વર, ઉના પાસે નલીયા માંડવી તથા કેવડીયા ખાતે સફારી પાર્કને મંજૂરી આપવામાં આવી છે. સર્વોચ્ચ અદાલતની મંજૂરી બાદ ત્રણેય સફારી પાર્કની કામગીરી શરૂ થશે. કેવડીયામાં હયાત પાર્ક ઉપરાંત વધુ એક સફારી પાર્ક પણ બનાવાશે. અંબાજી, વાંસદા તથા બરડામાં સફારી પાર્ક બનાવવાની

કામગીરી શરૂ કરાશે. ગાંધીનગર આઈઆઈટી પાસે પણ સફારી પાર્કને મંજૂરી માટે કામ શરૂ થયું હોવાની માહિતી પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફિસર નીત્યાનંદ શ્રિવાસ્તવે આપી હતી..

( બાઇટ - નીત્યાનંદ શ્રિવાસ્તવ,)

--------

## Dwarka fishing ban

દેવભૂમિ દ્વારકા જિલ્લાના માછીમારોને 15મી ઓગસ્ટ સુધી દરીયાકાંઠે કે ખાડી વિસ્તારમાં અવર જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઇનચાર્જ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, 15 ઓગસ્ટ દરમ્યાન માછીમારી માટે કે અન્ય કોઇ હેતુસર દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારના દરિયાકાંઠેથી કે ખાડી વિસ્તારમાં જવા પર અને બોટની અવરજવર કરવા પર પ્રતિબંધ લગાવ્યો છે.

..........................................................................

## DISTRICT RAIN

તાપી જિલ્લાના તમામ તાલુકાઓમાં ગઈકાલે રાતથી જ મેઘમહેર થઈ રહી છે. તાપીના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે, આજે સવારે 8 વાગ્યા સુધીમાં છ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. આમાંથી

સૌથી વધુ 2 ઈંચ વરસાદ વાલોડ તાલુકામાં વર્સ્યો હતો. જ્યારે દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ગણાતા ઉકાઈ ડેમની જળસપાટી 335 ફૂટ સુધી પહોંચી છે. 21 જેટલા ગ્રામીણ વિસ્તારના રસ્તા બંધ કરવામાં આવ્યા છે.

વલસાડના અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, જિલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં કૉઝ-વે સહિત નાના પૂલ સુધી પાણી ફરી વળતા અત્યાર સુધીમાં આશરે 47 ગ્રામ્ય વિસ્તારના રસ્તા બંધ કરાયા છે.

ડાંગનાં અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, વરસાદને કારણે 12 જેટલા ગ્રામ્ય માર્ગ અવરોધાયા છે. જિલ્લા વહીવટી તંત્રે વાહનચાલકો, રાહદારીઓ, પશુપાલકો અને ખેડૂતોને સાવચેતીના ભાગરૂપે આ માર્ગોનો ઉપયોગ ન કરવા અપીલ કરી છે.

અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, મોડાસા, ભિલોડા, મેઘરજ સહિતના તાલુકામાં ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. માઝૂમ જળાશયમાં હાલ જળસપાટી 153 મીટરે પહોંચી ગઈ છે.

મોરબીના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે, મચ્છુ–3 ડેમમાંથી પાણીની આવક શરૂ થતાં વધારાનું પાણી નદીમાં છોડવાની જરૂરિયાત સર્જાતા નીચાણવાળા ગામના લોકોને ચેતવણી આપવામાં આવી છે.

--------